# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

છટકી ગયો ઘોડો, હવે બાજ નજર રાખશે,
દઇ દેશે કાશ્મીર પછી, બાજ નજર રાખશે,
સસલાં જેવા ગભરુ છે નિવેદન શૂરા નેતા -
સત્તા માટે થ્યાં અંધ, હવે બાજ નજર રાખશે...

## હાઇકુ

અહીં નિર્ભયા,
દુશ્કર્મી થી વધારે
ડરે 'ન્યાય' થી...
(અનંત પ્રક્રિયા..)

કરી પેરવી,
ભૂમિ લઇ લેવાની -
મન કી બાત
(ઉદ્યોગપતિ લાભાર્થે)

## ચિંતન

**તૃણાદપિ લઘુસ્તૂલાદ્દપિ ચ ચાચકઃ વાયુનાં કિં ન નીતો સૌ મામેવં યાચિયિષ્યતિ ॥**

તણખલાં કરતાં રૂ-કપાસ હલકું છે અને રૂ કરતા પણ યાચક હલકો છે. તો પછી પ્રશ્ન એ ઉદ્દભવે છે કે જો યાચક 'રૂ' કરતાં પણ હલકો હોય તો વાયુ-પવન એને ઉડાડી ને લઇ કેમ નથી જતો? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે વાયુ પણ એમ વિચારે છે કે યાચકનો સ્વભાવ તો બધા પાસે માગ-માગ કરવાનો છે જો હું યાચક પાસે જઇશ તો એ પાછો મારી પાસે પણ કંઇક 'યાચના' કરશે તો? એ ભયે વાયુ પણ યાચક નજીક જતો નથી.'

યાચક-માગનાર-ભિક્ષુકનો સ્વભાવ જ 'માગણ' જેવો થઇ જાય છે, ઘણીવાર તમે છાપામાં વાંચ્યું હશે ભિક્ષુક જયાં બેસી માગતો હતો ત્યાં તેની બેઠક નીચેથી લાખો રૂપિયા મળ્યા. બેદરકાર ગૃહિણીઓ અવારનવાર પડોશી પાસે 'વાટકી વહેવાર' બહાને માગ્યા કરે છે. બસ - રેલ્વે મથકો પર વર્ષોથી એના એ જ ભિક્ષુકો 'સ્થાયી' થઇ ગયા હોય છે-તેમની પાસે શકિત-બુદ્ધિ હોવા છતાં 'મફ્ત'માં મળે તે માગવાની આદત પડી ગઇ હોય છે. કરોડો-અબજોપતિ વેપારીઓ-બિલ્ડરો પણ બેન્કો અને ગ્રાહકો પાસેથી લોન-ઉધાર એટલે જ માગતા હોય છે. યાચકવૃત્તિ જ ખરાબ છે અહીં રૂ-પવનનું દૃષ્ટાંત આ વાતને વધારે સ્પષ્ટ કરે છે.

## સુવિચાર

- કૌન, કબ, કિસકા, કિતના અપના હૈ.., વક્ત હર ઇન્સાક કી ઔકાત બતા દેતા હૈ! - **રજનીશ**
- મૂર્ખ માણસ પોતાની જાતને શાણો સમજે છે.. અને શાણો માણસ પોતાની મુર્ખતાને ઓળખે છે - **વિલિયમ શેક્સપિયર**
- ઇશ્વર પણ ચતુર છે.. એણે આપણને એટલાં લાંબા હાથ નથી આપ્યા કે આપણે જાતે જ આપણી પીઠ થાબડી શકીએ - **આચમન**
- માણસના બધા જ ખજાનાની ચાવીઓ લઇને ભગવાને શિક્ષકને મોકલ્યો છે. મારી પાસેની આ ચાવીથી આ ખજાનો ખૂલશે જ તેવી શ્રદ્ધા શિક્ષકમાં હોવી જ જોઇએ - **એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની જાત સાથે કામ લેવું હોય તો મગજનો ઉપયોગ કરજો, અને બીજાની સાથે કામ લેવું હોય ત્યારે હૃદયનો ઉપયોગ કરજો.. સંભવ છે ઘણી બધી મુશ્કેલીમાંથી બચી જશો - **મુનિ ભાનુચંદ્રજી**
- યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું, 'આ સંસારમાં સૌથી મોટું આશ્ચર્ય શું છે?' યુધિષ્ઠિરે જવાબ આપ્યો, 'માણસને જીભ મળી છે વાણીનું વરદાન મળ્યું છે છતાંયે ભગવાનનું નામ નથી લેતો એનાથી બીજું મોટું આશ્ચર્ય કયું હોઇ શકે'? - **જનકલ્યાણ**
- ગુરુની આંધળી ભક્તિ કરવા કરતા ગુરુએ આપેલ જ્ઞાનને સરળ બનાવી એને સત્સંગ થકી વહેંચવું એ સાચી ગુરુભક્તિ - **અરવિંદ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

વિશ્વમાં કોઇ સર્વગુણ સંપન્ન નથી. જો કોઇ હોય તો તે 'પરમાત્મા' જ કહેવાય. માટે બધામાં જે સારો ગુણ હોય તે જોવો..

ચીની ફિલસૂફ કન્ફ્યુશિયસને તેના પાંચ શિષ્યોમાંના એક યુશાંગે અકળાઇને ગુરુને પૂછ્યું - તમે કેવા ગુરુ છો? શિષ્યને પણ તમારા કરતાં ચઢિયાતો કેમ કહો છો?

● યેન, શું તમારાથી વધારે સરળ છે?

ગુરુ કહે - હા, ભાઇ એ તદ્દન સરળ છે કયારેક વહેવારમાં લુચ્ચાઇ કરવી પડે એ પણ એને નથી આવડતી - યુશાંગ કહે - તો શું તુન-મુત્સુ સમજાવટમાં તમારાથી ચઢિયાતો છે?

ગુરુ કહે - હા એ લાંબી દલીલો દ્વારા સારું સમજાવી શકે છે પણ કયારેક મૌન, હા - કે ના માં કે સમજાવી શકતો નથી.

● યેન કહ્યું - પણ ચૂંગ-યૂ તમારાથી વધારે હિંમતવાન કેમ? ગુરુ કહે -હિંમતવાન તો છે જ પણ પરિસ્થિતિ પ્રમાણે પલાયન થતાં એને નથી આવડતું.

● યુ સાંગ કહે - ચાન-સૂ તમારા કરતાં વધારે દેખાવડો એન ટાપટીપવાળો કેમ કહો છો?

ગુરુ - કારણ કે કદી સાદગીમાં નથી રહી શકતો..

ગુરુએ ઉમેર્યું અને તું બીજાને જુએ છે આત્મદર્શન નથી કરતો

Email - sureshchandrabhatt18@gmail.com

# ક્ષણોની મહેફિલમાં મસ્ત ભાવકનું સર્જનમાં રૂપાંતરણ

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

અનુભૂતિને શબ્દોમાં બાંધવાનું સર્વોત્તમ માધ્યમ કવિતા હોય છે. જેમાં સર્જક જીવનના ઉતાર-ચડાવ, દુઃખ, કરૂણા, વેદનાને વ્યક્ત કરે છે. ભાવોના રૂપાકાર સંબંધોની નવી પરિભાષા શબ્દો પરોવીને એક શૃંખલા બને છે. દરેક સર્જક શબ્દ દ્વારા સ્વયંને શોધવાની કે પામવાની કોશિશ કરે છે.

કવિતા કે ગઝલ એ માનવવાણીનું અદ્દભૂત આવિષ્કરણ છે અને માનવ ચેતનાની અનન્ય પરિણતિ છે. શબ્દોની કલા છે. કવિ શબ્દનો કસબી છે. કીમિયાગર છે. એ શબ્દને પૂરેપૂરો પામી ગયો હોય ત્યારે જે કવિતા રૂપે અવતરે તે સર્જન કેવું હોય?

હાં, આ પ્રશ્નનો જવાબ મળી રહે એવું જ એક પુસ્તક હમણાં મારા હાથમાં છે. "ક્ષણોની મહેફીલ" માં ડગલું માંડતા સર્જકના તદ્દન નવા વિચારો સાથે ખુબ જ નિખાલતાથી કબુલાત કરતા કવિ કંઇક આમ કહે છે.

'પાટીમાં પહેલો જે દિ' પાડ્યો હશે લીટો,
મૌલિક્તાનો તે દિ' વાળ્યો હશે વીંટો.



'ક્ષણોની મહેફિલ' નામે પ્રગટ થયેલ ડો. મુકેશ જોષીના કાવ્યસંગ્રહમાંથી પસાર થતાં ૧૦૩ જેટલી રચનાઓ મળે છે. ગઝલ સ્વરૂપની કહી શકાય તેવી આરચનાઓ વિષે જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' તેમણે લખેલ પ્રસ્તાવનામાં તેને 'યાદના આધારે સર્જાયેલ ગઝલો' તરીકે ઓળખાવે છે. ડો. મુકેશ જોષી સાહિત્યમાં ઉત્તમ ભાવક લાગે હવે એ ભાવકનું સર્જકમાં રૂપાંતર થઇ રહ્યું છે તેનો મને આનંદ છે. વળી 'ડો. મુકેશ જોષી ખુદ તેમના શેરમાં કહે છે કે ગઝલના છેદ અને માત્રાના દોષમાં પડવા કરતાં અમે જે સાર લઇને ચાલ્યા છી એ શબ્દોના સારને તમે જોજો. તેમનો એ શેર આમ છે.'

છે ગઝલમાં છંદને દોષ માત્રાના ઘણા
કોઇ લખે શબ્દ અમે સાર થઇને ચાલશું

બાળપણથી ગુજરાતી સાહિત્ય અને તેમાં પણ ગઝલ ક્ષેત્રે ઊંડો રસ ધરાવતા મુકેશભાઇની રચનાઓ સમયાંતરે વિવિધ પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયામાં પ્રગટ થયેલ છે. ગુજરાતી સાહિત્યના ભાવકોને સાંકળતા વોટ્સ એપ ગ્રુપ 'ગમે તે ગઝલ' ના તેઓ એડમિનિસ્ટ્રેટર છે. ઇશ્વર ઉપર અપાર શ્રદ્ધા ધરાવનાર આ સર્જક તેમના મિલનસાર સ્વભાવને કારણે જીવનને ખુબ જ બારીકાઇથી માણી શક્યા છે. જે તેમની રચનાઓમાં પ્રતિબિંબિત થાય છે. તેમના કેટલાક શેર જોઇએ -

કિસ્મતથી આઝાદ હજુ છું એટલો,
સ્વપ્નને પણ ઇચ્છાથી વાવી શકું છું,
જિંદગી તાવ્યા કરે છે જે રીતે,
શબ્દને હું કેમ કયાં તાવી શકું છું?

● ● ●

હું જીવનનો સાર શોધું કે જીવું?
ને હું જળમાં ક્ષાર શોધું કે પીવું?
આમ તો દરિયો છું હું તરસનો,
કોઇ ઘૂંટડો પાય, તો શું ના પીવું?

● ● ●

'આવો' કહીને બારણું ધીમેથી ખોલ્યું મેં,
જાઉં છું સામે તો ઊભો સ્વયં કાળ છે.

● ● ●

ઓગળી જતાં સંબંધને ગાળ તો ખરો કહું,
તું જ બોલ્યો'તો હવે તું પાળ તો કરો કહું.
શબ્દની પણ કયાં પડી છે ખોટ શબ્દકોશમાં?
આ ગઝલમાં તું અરથને ભાળ તો ખરો કહું

● ● ●

સોય વિના પણ જુઓ સાંધી શકું છું.
ભલભલાને પ્રેમથી બાંધી શકું છું.
જિંદગી પણ આમ તો ટૂકડા હતી.
શ્વાસે શ્વાસે તોય હું સાધી શકું છું.

● ● ●

સારથી ના થઇ શકે તો સાર બનીને આવજે,
ખુદ આવી ના શકે, અણસાર બનીને આવજે

વેદનાની વાત તો અહીં કોઇને ગમતી નથી,
અશ્રુમાં તું સ્મિતનો આકાર બનીને આવજે.

ગઝલ સંગ્રહમાં છેલ્લે થોડોક મિત્રોના પ્રતિભાવો કવિએ મુક્યો છે. અને સર્જક પરિચય પણ મુકવામાં આવ્યો છે. ગઝલકારે આ સંગ્રહ તેમના માતા-પિતા અને ભગિનીને અર્પણ કર્યો છે. સાથોસાથ આ સંગ્રહને પ્રગટ કરવા માટે પ્રેરક બનેલ બને દીકરીઓ નાની ઘોષા અને મોટી ગૌરવીને તેનું શ્રેય આપ્યું છે.

'ક્ષણોની મહેફીલ'ના સર્જક ડો. મુકેશ ભૂપતરાય જોષી વ્યવસાયે સિવિલ એન્જિનીયર છે. પરંતુ માતૃભાષાના વાંચન અને લેખનમાં ઊંડો રસ ધરાવે છે. રાજય સરકારની સેવામાં હાલમાં 'સરદાર સરોવર નર્મદા નિગમ, ગાંધીનગરમાં જનરલ મેનેજર (ટેકનિકલ એન્ડ કો. ઓર્ડિનેશન' તરીકે ફરજ બજાવે છે. સાહિત્યક્ષેત્રે ગઝળનું આ તેમનું પ્રથમ પુસ્તક છે. તેઓએ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે દેશની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા 'ઇન્ડિયન ઇન્ટીટટયુટ ઓફ ટેકનોલોજી' મુંબઇથી પીએચ.ડી. પદવી મેળવી છે. અને જુદા જુદા તાંત્રિક વિષયો ઉપર તેમનાં ૮૦થી વધુ સંશોધનપત્રો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રકશિત થયા છે. જળવ્યવસ્થાપન ક્ષેત્રે તેમના નોંધપાત્ર પ્રદાન બદલ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇરિગેશન એન્ડ પાવર દ્વારા તેમને વર્ષ - ૨૦૦૦માં 'યંગ એન્જિનીયર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

'ક્ષણોની મહેફીલ' સંગ્રહ દ્વારા ગુજરાતી ગઝળ ક્ષેત્રે તેમના પ્રવેશને આવકારી મુકેશભાઇને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

**ક્ષણોની મહેફિલ**
**લેખક - ડો. મુકેશ જોષી**
**પ્રકાશક - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.**
**'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ પાસે ખાનપુર, અમદાવાદ**
**કિંમત - રૂા. ૧૨૦, પૃષ્ઠ - ૧૨૦**
**પ્રથમ આવૃત્તિ - ફેબ્રુઆરી - ૨૦૧૫**

# તમે આંખ બંધ કરીને તમારા સપનાઓનું એક લિસ્ટ બનાવો અને એને પૂરા કરવાં દિલો-જાન લગાવી દો, ખાલી શ્વાસ લેવાનું નામ જ જીવવું નથી! જે પળે તમે તમારા સપનાઓને પૂરા કરવાનો વિચાર સુદ્ધાં કરશો તો તમારું દિમાગ તુરંત તમને દસ કારણો આપશે

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

હું તમે આપણે સૌ સપનાઓ જોઇએ છીએ. એ સપનાઓને પૂરાં કરવા પણ દિલોજાનથી પ્રયાસો કરીએ છીએ, પરંતુ કેટલીક વાર નિષ્ફળતા સપનાઓ પર હાવી થઇ જાય છે. રેશનલ - પ્રેક્ટિકલ વિચારો, ધૂની તરંગી-રંગીન સપનાઓને તોડી નાખે છે. અને એ તૂટેલાં સપનાઓને દિલના એક ખૂણામાં સંતાડીને - છાના છપના એના પર એક-બે આંસુઓ સારીને આપણે શ્વાસ લેતા રહીએ છીએ.

એક અધૂરપ સાથે આનંદ અને સંતોષનો પ્રેક્ટિકલ મુખોટા પહેરીને આપણે સૌ 'જીવવાનો ડોળ' કરીએ છીએ.

આંખ બંધ કરીને એક મિનિટ માટે જાત સાથે પ્રામાણિક થઇને એ એક સપનું યાદ કરો કે જે તમારું અસ્તિત્વ પૂરું કરે છે. (એ સપનું ગમે તે હોઇ શકે છે - ગમતો - ગમતી જીવનસાથી, સિંગર બનવું, નોવેલ લખવી, વર્લ્ડ ટૂર પર જવું જેવા રંગબેરંગી સપના) અને હવે આંખો ખોલીને વિચારો કે આ સપનાને પૂરું કરવા તમે શું કરી શકો છો? શું કરી રહ્યા છો?

બેશક એક જ મિનિટમાં દિમાગ દસ લોજિકલ કારણ આપશે એ સપનાને ચેઝ ના કરવાના અને સારી જિંદગી જીવનારા આપણે તરત આપણા તરંગી વિસ્તારમાં ઘૂસી જઇશું.

બોસ, આવું ગાંડપણ તો કંઇ કરાતું હશે? હવે આપણે મોટા થયા, સપના નહિ, હકીકતમાં જીવતા શીખો! અને એ ખૂબ કિંમતી અને વ્હાલા સપનાને જાતે જ ટૂકડે-ટૂકડા કરીને દિલના એક ખૂણે કોઇના જુવે એમ સંતાડી દઇશું - બરાબર ને?

ચાલો આજે વાત કરું એવી હસ્તીની જેણે સપનાઓ જોયાં, જીવ્યા, નિષ્ફળતા પચાવી અને સફળતા ધરાર મેળવી.

આપણે વાત કરવાની છે એક સાધારણ છતાં અસાધારણ એવા એન્જિનિયરિંગના વિદ્યાર્થીની. એક સાધારણ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી એટલે કે જે કોલેજના ક્લાસરૂમ કરતા કેન્ટીન અને લાઇબ્રેરીમાં વધુ હાજરી આપતો હોય, જેને આખું સેમિસ્ટર ભલે પ્રોફેસર ભણાવે એમાં કોઇ ગતાગમ ના જ પડે છતાં પરીક્ષાના એક દિવસ પહેલાં તો એનો સિલેબસ કાયમ પૂરો થઇ જ જતો હોય, જે સપના તો બિલ ગેટ્સ કે આઇન્સ્ટાઇન બનવાના જોતો હોય પણ છેલ્લે રેશનલ બનીને નવથી સાતની મલ્ટીનેશનલ કંપનીની કેદમાં પુરાઇ જતો હોય!

અને આ જ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી જયારે પોતાના સપનાઓ તરફ નાના છતાં મક્કમ પગલાંઓ ભરવાના શરૂ કરે ત્યારે અસાધારણ બની જાય છે. આપણે વાત કરી રહ્યા છીએ ગૌરવ મુંજાલની. બાળપણથી જાત-જાતના સપનાઓ જોતા ગૌરવ, પૌતાના સપનાઓને પ્રેક્ટિકલીથી તોલવા અને તોડવાની જગ્યએ એમને પુરા કરવાના રસ્તાઓ બનાવતા રહેતા, ધીમા પણ મક્ક પ્રયાસોથી. સપના કૈક નવું કરવાના, પોતાનો નવતર વ્યવસાય શરૂ કરી નવો ચીલો ચાતરવાના.

કોલેજમાં ભણતા ભણતા હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની અગવડ અનુભવતા ગૌરવને એક નવો જ વિચાર આવે છે. ગૌરવ અનુભવે છે કે ઘણી ખરી કોલેજમાં મર્યાદિત હોસ્ટેલ વ્યવસ્થા હોય છે તો ઘણા શહેરોની કોલેજમાં તો હોસ્ટેલની વ્યવસ્થા હોતી જ નથી. આવી સંજોગોમાં વિદ્યાર્થીઓ પેઇંગ ગેસ્ટ તરીકે રહે છે. અથવા તો સહાધ્યાયીઓ સાથે ફ્લેટ શેર કરે છે. મોટેભાગે બંને રસ્તાઓ એકંદરે ખર્ચાળ પુરવાર થાય છે. અને આ પ્રોબ્લેમનું સોલ્યુશન ગૌરવની સ્ટાઇલમાં બને છે. 'ફ્લેટ ટુ' એક એવી સુવિધા છે. આ સુવિધા દેશના આઠ વિવિધ શહેરમાં ઉપલ્બધ છે. જેની મદદથી તમે જે તે શહેરના ગમતા એરિયામાં શેરિંગમાં ફ્લેટ પોતાના બજેટમાં શોધી શકો છો. કોલેજમાં ભણતાં-ભણતાં જ ગૌરવ આ સાહસ શરૂ કરે છે, પરંતુ બે વર્ષની અથાગ મહેનત છતાં મળે છે. માત્ર નિષ્ફળતા છતાં ગૌરવ પોતાના સપનાને તૂટવા દેતા નથી. ગૌરવના આ નિષ્ફળતાને પચાવીને બનતા પ્રયાસો ચાલુ રાખે છે અને નવા સપનાઓ તરફની નવી દિશાઓ, ખોલતા જાય છે.

ટ્રેડિશનલ એજ્યુકેશન સિસ્ટમથી નાખુશ એવા કોલેજમાં ભણતાં ગૌરવને ભણવાની ખૂબ ધગશ છે, પરંતુ એક શિક્ષક એક જ સ્પીડથી આખા ક્લાસના અલગ અલગ બુદ્ધિમત્તાવાળા વિદ્યાર્થીઓને ભણાવે એ વાત ગૌરવને ખટકે છે. ગૌરવ પૌતાના મિત્રોને પોતાને આવડતા વિષયો શીખવાડતા - શીખવાડતા વિચારે છે કે જો આનો વીડિયો ઉતારી લેવામાં આવે તો કેટલી સરળતા રહે. પોતે વીડિયોમાં જે તે ટોપિક સમજાવે અને મિત્રો પોતાની સુવિધાએ પોતાની સ્પીડથી, જેમ સમજણ પડે એ રીતે એને રિવાઇન્ડ કરીને જોઇ શકે. અને જન્મ્યુ એક નવું સપનું - 'અનએકેડમી' આ 'અનએકેડમી' ની શરૂઆત એક નિષ્ફળતાથી જ થઇ હતી. કોલેજમાં ભણતા ભણતા જ ગૌરવ 'અનએકેડમી'ની શરૂઆત મળે છે. પરંતુ ગૌરવ 'અનએકેડમી'ની શરૂઆત કરે છે અને શરૂઆતના બે વર્ષ એને ઘોર નિષ્ફળતા મળે છે. પરંતુ ગૌરવની હિંમત તૂટતી નથી. ગૌરવ 'અનએકેડમી'ને નિષ્ફળતાઓમાં પણ આશા સાથે મહેનત અને ધગશથી આગળ ચલાવતો રહે છે.

'ફ્લેટ ટું' અને 'અનએકેડમી' ની નિષ્ફળતાઓ છતાં ગૌરવ નવા સપનાઓ જોતો જ રહે છે અને એની ડ્રીપ કંપની ગુગલને સમકક્ષ 'ડાયરેક્ટ આઇ' નામક વિખ્યાત આઇ.ટી. કંપનીમાં જોબ મેળવીને પણ ગૌરવ પોતાના સપનાઓ ને ભૂલતો નથી. મલ્ટીનેશનલ સુપર બિઝી વર્ક શિડ્યુઅલમાંથી સમય ન મળતો હોવા છતાં ગૌરવ વીક- એન્ડમાં પોતાના સપનાઓ પર મહેનત કરતો રહે છે અને આખરે નિષ્ફળતાઓ છતાં દિલથી કરેલા પ્રયત્નો અને મહેનત દ્વારા ગૌરવ પોતાના સપાઓ પૂરા કરી શકે છે. આકર્ષક પગાર અને આરામદાયક લાઇફ આપતી મલ્ટીનેશનલની જોબ છોડીને આખરે ગૌરવ ફુલટાઇમ 'ફ્લોટ ટુ'ને સાકાર કરવામાં મચી પડે છે. અને ગૌરવનું એક બીજું સપનું નિષ્ફળતાઓના કપરા રસ્તે ચાલીને સફળતાઓ પામે છે.

ગૌરવ પોતાના સપનાઓની વાત કરતા કહે છે કે 'તમે આંખ બંધ કરીને તમારા સપનાઓનું એક લિસ્ટ બનાવો અને એને પૂરા કરવાં દિલો-જાન લગાવી દો. ખાલી શ્વાસ લેવાનું નામ જ જીવવું નથી! જે પળે તમે તમારા સપનાઓને પૂરા કરવાનો વિચાર સુદ્ધાં કરશો તો તમારું દિમાગ તુરંત તમને દસ કારણો આપશે. તમને ગમે છે. કરવું છે એ ના કરવા, પણ મક્કમ રહીને તમારે એ કારણોને પ્રતિ-પ્રશ્ન કરવો જોઇએ. કેમ કે સપનાઓ પૂરા કરવાના પ્રયાસમાં નિષ્ફળતા મળી શકે છે. પરંતુ પ્રયાસ જ ના કરવો એ તો પૂરી નિષ્ફળતા જ છે! સપનાઓ પૂરા કરવા જે રસ્તાઓ પર ચાલવું પડે એ દુર્ગમ હશે, ઘણીવાર પડી જવાશે, વાગશે પણ. પરંતુ નાના નાના છતાં મક્કમ પગલાઓ તમને તમારા સપના સુધી અચૂક લઇ જશે. મિત્રો, પરિવાર, જીવનસાથી, સ્નેહી-સ્વજન ભલે તમારા સપનાઓ પર હસે, તમને એ પૂરા ના કરવા સમજાવે, પરંતુ કમ્ફર્ટ ઝોનની બહાર જશો તો જ સફળતા મળશે!'

# સમજણ વગરની દયા મહાપાપ બને!

## રોહિતોપદેશ

- રોહિત શાહ

દરેક ભાષા પાસે કેટલાક છેતરામણા શબ્દો હોય છે. એ શબ્દનો મૂળ મર્મ કાળક્રમે બદલાઇ ગયો હોય છે છતાં આપણે શબ્દનું પૂછડું પકડી રાખવામાં ધન્યતા અનુભવતા રહીએ છીએ.

ગુજરાતી ભાષામાં આવો એક શબ્દ છે દયા. સંત તુલસીદાસજીએ દયા શબ્દને ધર્મનું મૂળ ગણાવ્યો છે :

'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છોડી જબ લગ ઘટ મેં પ્રાણ.'

ધર્મનું મૂલ દયા છે અને પાપનું મૂળ અભિમાન છે જીવનના અંતિમ શ્વાસ સુધી માણદે દયા કરવાનું ન છોડવું અને અભિમાનથી સદાય દૂર રહેવું.

આપણે દયા કોને કહીએ છીએ? એ.સી. કારમાં આપણે જતા હોઇએ અને ટ્રાફિક સિગ્નલ પર કોઇ અંધ કે અપંગ ભિક્ષુક આપણી સામે હાથ લંબાવે ત્યારે તેના હાથમાં બે-પાંચ રૂપિયા આપવા એ દયા છે? ગિરફતાર થયેલો કોઇ ગુનેગાર અત્યંત કરુણ સ્વરે કાલાવાલા કરે અને પોલીસ તેને છોડી મૂકે એ દયા છે? દીકરો અને વહુ પોતાના વૃદ્ધ પેરન્ટ્સને ઘરમાંથી તગેડી મૂકે અને પારકાં વૃદ્ધ પેરન્ટ્સ માટે બનેલાં ઘરડાંઘર ચલાવવા માટે ડોનેશન આપે એ દયા છે? તુલસીદાસજી શું આપણને લાઇફટાઇમ આ પ્રકારની દયા કરવાનું કહે છે?

સમજણ વગરની દયા એ તો ક્રૂરતા કરતાં પણ વધુ વિનાશક હોય છે. આપણી દયાને કારણે દેશમાં ભિક્ષુકોનાં ટોળેટોળાં પેદા થતાં રહ્યાં છે. કોઇ મંદિરની બહાર બેઠેલાં ભિક્ષુકોનાં લાઇનબંધ ટોળા આપણાં દયાનું સીધું પરિણામ છે. મેં તો એમ પણ સાંભળ્યું છે કે કેટલાંક લુખ્ખાં તત્ત્વો અનાથ બાળકોને, ગભરું સ્ત્રીઓને અને લાચાર માણસોને ઇરાદાપૂર્વક શારીરિક રીતે અક્ષમ (અપંગ) બનાવીને જાહેર માર્ગ પર કે મંદિર પાસે ભીખ માગવા મોકલે છે. દિવસભરની ભીખની કમાણીમાંથી પેલા લુખ્ખા તત્ત્વો મોટા ભાગનો હિસ્સો પડાવી લે છે. આપણી દયાને કારણે કેટકેટલા નિર્દોષ લોકોને અને બાળકોને શારીરિક રીતે અક્ષમ બનવું પડતું હશે! આવી દયા ધર્મનું મૂળ ન બને, એ તો પાપનું પગથિયું જ બને.

ગરીબી તો દુનિયાના દરેક દેશમાં હશે, પણ ભિક્ષુકોનાં ટોળાં જેટલાં આપણાં દેશમાં છે એટલા બીજા કોઇ દેશમાં નથી.

આપણે ગૌસેવાને પુણ્ય માનીએ છીએ અને ગાયને માતાનો દરજ્જો આપ્યો છે, પરંતુ મોટા ભાગનાં ગામ-નગરોમાં જોશો તો જાહેર રસ્તા પર રખડતી હજારો ગાયો હરાયાં ઢોરો બની બેઠી છે. ગાયનો માલિક પોતે જ થોડુંક ઘાસ વગેરે લઇને કોઇ જાહેર સ્થળે પોતાની પાંચ-પંદર ગાયો લઇને ઊભો રહેશે. પુણ્ય કમાવા નીકળી પડેલ ગૌભક્તો પેલોન દસ-વીસ રૂપિયા આપીને ગાયોને ઘાસ ખવડાવે છે. એ ગાય માલિક વગરની (નધણિયાતી) નથી. સવાર-સાંજ બંને ટાઇમ એ ગાયનું દૂધ દોહીને એનો વેપાર કરનારા માલિકની જ એ ફરજ છે કે તેની ગાયને હૃષ્ટપુષ્ટ રાખે, એને પૂરતો આહાર આપે, એને દરરોજ નવડાવે-ધોવડાવે અને સ્વચ્છ રાખે. એ ગાય દૂધ આપતી બંધ થાય પછી એ જ માલિક એને હરાયા ઢોરની જેમ કાં તો રસ્તે રઝળતી છોડી દે છે અથવા તો કસાઇવાડે વેચી આવે છે. દયાના નામે જ ગોરખધંધો ચાલે છે એ તરફ આપણું ધ્યાન કદી જાય છે ખરું?

આપણે ગાયને માતા કહી ખરી, પણ એની હાલત હરાયા ઢોર જેવી કરી મૂકી. આપણે નદીને માતા કહી ખરી, પણ એમાં ગંદકી કરીને એની હાલત ગટર જેવી કરી મૂકી. આપણે ધરતીને માતા કહી ખરી, પણ એ જ ધરતીનું ભરપૂર શોષણ કરીને એને બંજર કરી મૂકી અને અથવા તો એના સીમાડા બનાવીને ટુકડેટૂકડા કરી નાખ્યા.

દયાના નામે અને ધર્મના નામે આપણે કરોડો - અબજો રૂપિયાનાં દાન આપીએ છીએ એના બદલામાં આપણે શું મેળવીએ છીએ? આપણું મોટાં ભાગનું દાન બિનઉત્પાદક જગ્યાએ ઠલવાતું રહે છે. મંદિરો માર્બલમાં બનાવીએ છીએ અને કયારેક તો એના પર સોનાના ઘુમ્મટ બનાવીએ છીએ. ઇશ્વર જો હોય તો એને એ બધી ચીજોની જરૂ છે ખરી? ઇશ્વરે જેને બનાવ્યો તે માણસ લાચારીપૂર્વક જીવતો હોય અને માણસે જેને બચાવ્યો એ ઇશ્વર ઐશ્વર્યમાં આળોટતો હોય એ કેવી વિડંબના કહેવાય?

દયા અને દાન જો સમજણપૂર્વકનાં ન હોય તો એ કારણે અનેક મહાપાપ સર્જાતા રહે. ભિક્ષુકો અને ભગતડાંનાં જથ્થાબંધ ટોળા પેદાં થતાં રહે, પણ એથી કોઇનું કશું કલ્યાણ ન થાય. આપણી શ્રદ્ધા ગુમરાહ ન હોવી જોઇએ અને આપણી આસ્થા ઓશિયાળી ન હોવી જોઇએ. દયા અને દાન દ્વારા અજાણતાં પણ આપણે કોઇ પાપને તો પ્રોત્સાહન નથી આપી રહ્યા ને એનો વિચાર કરવો જોઇએ. નીતિ અને સદાચાર જુદી વાત છે વેવલાઇ જુદી વાત છે. આટલો તફાવત સમજાય તો નો પ્રોબ્લેમ.